સ્પર્શ્યા વિના બોધ કરે તે. (ચક્ષુ અને મન).

**અફસોસ** : પસ્તાવો, કરેલા કાર્યની નિન્દા કરવી તે.

**અબાધાકાળ** : કર્મ બાંધતી વખતે દલિક રચના વિનાનો કાળ.

**અબોધ** : અજ્ઞાન દશા, અણસમજ, બોધ વિનાનું.

**અભવ્ય** : અયોગ્ય, મોક્ષે જવાને અપાત્ર, જેમાં મોક્ષે જવાની રુચિ કદાપિ થતી નથી તે.

**અભક્ષ્ય** : ખાવાને માટે અયોગ્ય, ન ખાવા લાયક, જે ખાવાથી ઘણી હિંસા થતી હોય, ઘણા રોગો થતા હોય તે.

**અભાગ્યશાળી** : ભાગ્ય વિનાનો, ઓછા પુણ્યવાળો, તીવ્ર પુણ્ય વિનાનો.

**અભિગ્રહ** : મનની ધારણા, મનની કલ્પના, મનની મક્કમતા.

**અભિગ્રહપચ્ચક્ખાણ** : મનની ધારણા મુજબ કરાતાં પચ્ચક્ખાણ.

**અભિધાનભેદ** : નામમાત્રથી જ જુદાં, વાસ્તવિક જુદાં નહીં તે.

**અભિનંદનસ્વામી** : ભરતક્ષેત્રમાં થયેલા ચોથા તીર્થંકર ભગવાન.

**અભિનિબોધ** : ઇન્દ્રિયોથી થનારું જ્ઞાન, મતિજ્ઞાનવિશેષ.

**અભિપ્રાય** : માન્યતા, વિચાર, આશયવિશેષ.

**અભિમાન** : અહંકાર, મોટાઈ, નાના હોતે છતે મોટા દેખાવાની વૃત્તિ.

**અભિલાપ્ય** : શબ્દથી કહી શકાય, સમજાવી શકાય તેવા ભાવો.

**અભિવાદન** : નમસ્કાર કરવા, પગે પડવું, વંદન કરવું તે.

**અભિષ્વંગ** : આસક્તિ-મમતા-મૂર્છા.

**અભીક્ષ્ણ** : વારંવાર, નિરંતર, સતત.

**અભોક્તા** : કર્મોને ન ભોગવનાર, ભોગ ન કરનાર.

**અભોગ્ય** : ભોગવવાને અયોગ્ય, ઉપભોગ ન કરવા યોગ્ય.

**અભ્યંતરકારણ** : અંદરનું કારણ, દૃષ્ટિથી અગોચર કારણ.

**અભ્યંતરતપ** : આત્માને તપાવે, લોકો દેખી ન શકે, જેનાં લોકો માન-બહુમાન ન કરે તેવો પ્રાયશ્ચિત્તાદિ તપવિશેષ.

**અભ્યંતર નિમિત્ત** : અંદરનું નિમિત્ત, જે નિમિત્ત બહારથી ન દેખી શકાય.

**અભ્યાખ્યાન** : આળ દેવું, કોઈના ઉપર આક્ષેપ કરવો, ખોટું કલંક ચડાવવું. કોઈને ખોટી રીતે દોષિત કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org